આસપાસ થોપાસ



બરૂમાળ

બરૂમાળ ગામે ધાર્મિક પ્રતીકસમા ત્રણ મંદિર આવેલાં છે





બરૂમાળ ગામે ધાર્મિક પ્રતીકસમા ત્રણ જેટલા મંદિર આવેલાં છે. હનુમાનજીનું મંદિર ઉતારા ફળિયામાં તથા બીજુ હનુમાન દાદાનું મંદિર માવલી માતા મંદિર નજીક બરૂમાળ આવધા રોડ ઉપર આવેલું છે. અહીં દર વર્ષે હનુમાન જયંતી નિમિત્તે નાના-મોટા કાર્યક્રમો રાખવામાં આવે છે. ઉપરાંત બરૂમાળ ગામના પાડવી ફળિયા તથા પટેલ ફળિયામાં ભગવાન મહાદેવના ભવ્ય મંદિર આવેલાં છે. જ્યાં મહાશિવરાત્રિ પર્વ નિમિત્તે પૂજા-અર્ચના તેમજ અભિષેક જેવા ધાર્મિક કાર્યક્રમો યોજાય છે અને મહાપ્રસાદીનું આયોજન પણ કરવામાં આવે છે. આમ, બરૂમાળ ગામમાં બરૂમાળ ધામ ભાવભાવેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. પરમ પૂજ્ય વિદ્યાનંદજી સરસ્વતી મહારાજનાં સાંનિધ્યમાં અનેક ધાર્મિક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

બરૂમાળ ગામે ત્રણ આંગણવાડી કાર્યરત



બરૂમાળ ગામમાં એક આંગણવાડી કેન્દ્ર સદગુરુધામ મંદિર નજીક કાર્યરત છે. જ્યારે બીજી આંગણવાડી કેન્દ્ર પાડવી ફળિયામાં કાર્યરત છે. ત્રીજી આંગણવાડી કેન્દ્ર ધોધપાડા ફળિયામાં કાર્યરત છે. બરૂમાળ ગામના સદગુરુધામ મંદિર નજીક કાર્યરત આંગણવાડીમાં 30 જેટલાં ભૂલકાં તથા પાડવી ફળિયાની આંગણવાડીમાં 25, જ્યારે ધોધપાડા ફળિયાની આંગણવાડીમાં 30થી 35 જેટલાં ભૂલકાં આવે છે અને તેઓને દરરોજ મેનુ મુજબના દૂધ સાથે પોષણયુક્ત આહાર આપવામાં આવે છે. આંગણવાડી કેન્દ્રનાં બાળકોને જુદી જુદી રમતો, વાર્તાગીતોની પ્રવૃત્તિઓ થકી પૂર્વ પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. તદુપરાંત બાળકોમાં સુટેવોનું ઘડતર થાય એવા પ્રયત્નો કરવામાં આવે છે. બરૂમાળ ગામે પાડવી ફળિયામાં આવેલા આંગણવાડી કેન્દ્રમાં વર્કર તરીકે વિમલાબેન મણીલાલ તથા સદગુરુધામ આંગણવાડી કેન્દ્રમાં શારદા દશરથ પટેલ તથા ધોધપાડા આંગણવાડી કેન્દ્રમાં મનીષાબેન ભાવેશભાઈ પટેલ સુંદર કામગીરી ફરજના ભાગરૂપે બજાવી રહ્યા છે.

બરૂમાળ ગ્રામ પંચાયતનાં સરપંચ મિતલબેન ગાવિતનું ગામના વિકાસમાં મહત્ત્વનું યોગદાન

સ્વભાવે હસમુખા બરૂમાળ ગ્રામ પંચાયતનાં સરપંચ પદે મિતલ ગાવિત આરૂઢ હોવાથી તેઓ શિક્ષિત, સ્વભાવે સરળ અને મિલનસાર છે. તેઓ સાદગીપૂર્ણ જીવન જીવે છે. સરપંચ મિતલ ગાવિતના પતિ વિજય ગાવિત લોકપ્રિય છે. દંપતી લોકોના પ્રશ્નોને વાચા આપવા હરહંમેશ તત્પર રહે છે. તેઓની નેમ નાતજાતના ભેદભાવ વગર સૌના સર્વાંગી વિકાસ સાધવાની છે. તેઓએ સરપંચ પદના કાર્યકાળ દરમિયાન પાકાં આવાસો તથા સરકારની અનેક યોજનાઓના વિકાસનાં કામો ઘરે-ઘરે પહોંચાડવાનું કામ કર્યું છે.

ગ્રામ પંચાયતની કચેરીની બાજુમાં આરોગ્ય દવાખાનું દર્દીઓ માટે ઉપરકારક



બરૂમાળના ગ્રામ પંચાયતની કચેરીની બાજુમાં આરોગ્ય દવાખાનું કાર્યરત છે. આ આરોગ્ય દવાખાનું આજુબાજુના રહીશો તથા અન્ય ગામોના દર્દીઓ માટે ઉપકારક બન્યું છે. ગામની આજુબાજુ ચીંચોઝર, બિલપુડી સહિતનાં ગામોના લોકો ચોમાસા સહિત સિઝનમાં તાવ, શરદી, ઉધરસ સહિતના દર્દીઓ માટે આ દવાખાનું આશીર્વાદરૂપ બન્યું છે. ઉપરાંત ગર્ભવતી સ્ત્રીઓની સારવાર પણ કરવામાં આવે છે. સુગર, પ્રેશર સહિતના દર્દીઓ માટે પણ સારવાર ઉપલબ્ધ કરવામાં આવી છે. આ આરોગ્ય દવાખાનું દર્દીઓ માટે ઉપકારક સાબિત થઈ રહ્યું છે. દર્દીઓ માટે દવા સહિતની સારવાર ડો.અમીષા પટેલ દ્વારા આપવામાં આવે છે.

લોકોનો મુખ્ય વ્યવસાય ખેતી



બરૂમાળ ગામ સંપૂર્ણ આદિવાસી વસતી ધરાવતું ગામ છે. જ્યાં બહુધા વસતી ઢોડિયા જ્ઞાતિના લોકોની છે. મોટા ભાગના લોકો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. જૂજ લોકો ખેત મજૂરી કે અન્ય ધંધા સાથે સંકળાયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અહીંના ખેડૂતો મૌસમી ખેતી કરે છે. ચોમાસાના વરસાદી પાણી આધારિત ખેતી કરે છે. જોકે, જૂજ ખેડૂતો પાસે પાણીની સગવડ હોવાથી બારમાસી ખેતી કરે છે. અહીંના ખેડૂતો ડાંગર જેવા ધાન્ય પાકો સાથે કેટલાક ખેડૂતો શેરડીનું વાવેતર કરે છે. તદુપરાંત કેટલાક ખેડૂતો કારેલા સહિત વિવિધ શાકભાજીની ખેતી કરે છે. જ્યારે કેટલાક લોકો કેસર, રાજાપુરી, દશેરી વગેરે આંબા કલમમાંથી કેરીનો મબલક પાક ઉતારે છે.

ધરમપુરની વિદ્યાનગરી બરૂમાળ

ધરમપુરથી માત્ર 6 કિ.મી.ના અંતરે આવેલા સદગુરુધામ બરૂમાળ ખાતે ભાવભાવેશ્વર મંદિરના પટાંગણમાં આદિવાસી વિસ્તારના બાળકોને સારું શિક્ષણ મળી રહે એ હેતુથી પરમ પૂજય ભાવભાવેશ્વર મંદિરના મહારાજ સ્વામી સરસ્વતી વિદ્યાનંદજીના સાંનિધ્યમાં વિશાળ સંકુલમાં મહિલા બી.એડ. કોલેજ તથા ધો.8થી 12 સુધી માધ્યમિક શાળાની સ્થાપના કરાઈ હતી. આજે બરૂમાળ મંદિરની બાજુમાં વિશાળ સંકુલમાં બી.એડ કોલેજમાં 500 જેટલી વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. જ્યારે માધ્યમિક શાળામાં 1500થી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચતમ શિક્ષણ મેળવી રહ્યા છે. બરૂમાળ ગામે મંદિર ફળિયામાં પ્રા.શાળા કાર્યરત છે. આ પ્રાથમિક શાળામાં ધો.1થી 8 સુધીનાં બાળકો અભ્યાસ કરે છે. આ શાળામાં ત્રણ શિક્ષકો તથા ત્રણ શિક્ષિકાઓ મળી કુલ 6 જેટલા શિક્ષકો ફરજ બજાવે છે. ધોરણ-1થી 8 સુધીમાં કુમાર-64 તથા કન્યા 53 મળી કુલ 117 બાળક ઉચ્ચતર સારું શિક્ષણ મેળવી રહ્યાં છે. શાળામાં અનેક પ્રવૃત્તિઓ તથા શાળામાં વિદ્યાર્થીઓ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રથમ ક્રમો મેળવી શાળાનું નામ રોશન કર્યું હતું. શાળામાં સાંસ્કૃતિક કાર્યક્રમો દર વર્ષે શાળામાં યોજાય છે. શાળાના આચાર્ય નરેશ શંકર પટેલ તથા શિક્ષકોની મહેનતથી શાળા ઉચ્ચસ્તરીય પ્રગતિ પંથે આગળ વધી રહી છે.



રમેશભાઈ પાડવીનો ગામના વિકાસમાં મહત્ત્વનો ફાળો

ધરમપુર તાલુકા પંચાયત છેલ્લી ત્રણ ટર્મથી પ્રમુખ પદ ભોગવી ચૂકેલા રમેશભાઈ બિસ્તુભાઈ પાડવી એક ટર્મ જિલ્લા પંચાયતના સભ્ય પદે તથા હાલ તાલુકા પંચાયતમાં સભ્ય પદે ફરીવાર જંગી બહુમતીથી ચુંટાઈ આવ્યા હતા. રમેશ પાડવી આદિવાસી વિસ્તારમાં સારી પકડ ધરાવે છે. તાલુકા પંચાયતના પ્રમુખ પદના શાસન કાળ દરમિયાન બરૂમાળ ગામે અનેક નાના-મોટા ડામરના રસ્તા તથા આવાસો, પાણીની સુવિધા તથા અન્ય સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભો ગામડાંના લોકો સુધી પહોંચાડવાની સાથે તાલુકા સહિત બરૂમાળ ગામનો વિકાસમાં હાલના તાલુકા પંચાયતના સભ્ય રમેશ પાડવીનું મહત્ત્વનું યોગદાન છે.

માજી સરપંચ રમતુભાઈ પાડવી તથા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી જોડે ખાસ મિત્રતા

ધરમપુરના સિદુમ્બર ગામે આવેલી છાત્રાલય ખાતે નરેન્દ્રભાઈ મોદીનો અનેરો નાતો છે. ઈ.સ.1986-87માં સિદુમ્બર ખાતે આવેલી છાત્રાલયમાં આર.એસ.એસ.ના પ્રચારક તરીકે નરેન્દ્ર મોદી આવ્યા હતા.



સિદુમ્બર ગામે રહીને ધરમપુરના અંતરિયાળ એવા આદિવાસી વિસ્તારમાં સાઈકલ ઉપર ફરીને સંઘનું પ્રચારનો આરંભ કર્યો હતો. તેઓ 1986-87માં સિદુમ્બર ગામે આદિવાસી છાત્રાલય ખાતે રહીને ગામડે ગામ સંઘનો પ્રચાર કરતા હતા. તેજ સમયે બરૂમાળ ગામના માજી સરપંચ રમતુભાઈ પાડવી જોડે હંમેશાં સાઈકલ ઉપર બેસીને બીલ્ધા, હનમતમાળ, જોડિયા પીંડવળ, જામલીયા સહિત વિસ્તારોમાં સંઘના પ્રચાર તરીકે ફરતા હતા. તેઓ આદિવાસી વિસ્તારમાં વ્યસનમુક્તિ, શિક્ષણ માટે હંમેશાં ભાર મૂકતા હતા અને આદિવાસી વિસ્તારમાં શિક્ષણથી કોઈ વંચિત ન રહે એ માટે હંમેશાં મદદરૂપ નીવડતા હતા. ગરીબોને સારું શિક્ષણ મળે એ આશ સાથે તેઓ સંઘનું પ્રચાર કરી દેશની આઝાદી સહિત લડત આપનારા વીર શહીદોની પણ હંમેશાં વાતો કરી દેશના લડવૈયા શહીદોની શહાદતને બિરદાવતા હતા. ધરમપુરના સિદુમ્બર ગામે છાત્રાલય ખાતે 1986-87માં સંઘના પ્રચારક તરીકે આવેલા દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આજે પણ સિદુમ્બર બરૂમાળ ગામના અનેક લોકો સાથે ઘર જેવો નાતો છે. ધરમપુરના લક્ષ્મીનારાયણ મંદિર ખાતે પણ નરેન્દ્ર મોદી આર.એસ.એસ.ની શાળા ચલાવતા હતા. બાદ તેઓ ધરમપુરના સિદુમ્બર સહિત ગ્રામીણ વિસ્તારોમાં સાઈકલ ઉપર ફરીને સંઘના પ્રચારનું બ્યૂગલ ફૂંક્યું હતું. ધરમપુરના કાંતિલાલ કંસારાના પુત્ર હેમંત કંસારાને સંઘમાં લેવા માટે નરેન્દ્રભાઈ મોદીએ હેમંતભાઈ કંસારાના પિતાને વિનંતી કરી હતી. બાદ તેઓને સંઘમાં જવાની રજા આપી હતી. આજે ધરમપુરના હેમંતભાઈ કંસારા હાલમાં જિલ્લા ભાજપ પ્રમુખના હોદ્દા ઉપર છે અને અગાઉ બે ટર્મ નગરપાલિકા પ્રમુખ પદે પણ સારી એવી સેવાકીય પ્રવૃત્તિ કરી છે. ધરમપુરમાં રસ્તા, પાણી, લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવી ધરમપુર શહેરના વિકાસમાં હેમંતભાઈ કંસારાનું મહત્ત્વનું યોગદાન છે એમ કહી શકાય તો નવાઈ નહીં.ગુજરાત રાજયના મુખ્યમંત્રી બન્યા બાદ પ્રથમ વખતે નરેન્દ્રભાઈ મોદી બરૂમાળ ભાવભાવેશ્વર મંદિરમાં એક કાર્યક્રમમાં આવ્યા હતા. તેજ સમયે રમતુ પાડવી દૂર ઊભા રહીને નરેન્દ્ર મોદીને જોઈ રહ્યા હતા. પરંતુ પોલીસ બંદોબસ્ત તથા બોડીગાર્ડ હોવાથી તેઓ જઈ શકયા ન હતા. પરંતુ નરેન્દ્રભાઈ મોદીની અચાનક નજર પડતાં રમતુભાઈ પાડવીને એકદમ નજીક બોલાવી હાથ મિલાવી ભેટી પડ્યા હતા. કેમ છો રમતુભાઈ? એમ કહી પીઠ થાબડી હતી. બાદ ગાંધીનગર આવો કંઈપણ કામ હોય તો કહેજો એમ કહી હસ્તા જતા રહ્યા હતા. પરંતુ તે સમયે બધા જ ભાજપના આગેવાનો રમતુભાઈ સાથે નરેન્દ્રભાઈ મોદીની મિત્રતા જોઈને સ્તબ્ધ રહી ગયા હતા. બરૂમાળ ગામના માજી સરપંચ રમતુભાઈ પાડવીએ જણાવ્યું હતું કે, નરેન્દ્રભાઈ મોદીને જમવામાં નાગલી રોટલા, અડદનું શાક તથા દાળભાત એમના ફેવરિટ હતા. તેઓ કેરીનું અથાણું પણ ખાતા હતા. આમ તેમની સાદગી આજે પણ જોવા મળે છે. રાજયના મુખ્યમંત્રી થયા બાદ પણ તેઓ બરૂમાળ આવ્યા બાદ નાગલી રોટલા તથા અડદનું શાકનો સ્વાદ ચાખ્યો હતો અને જૂના દિવસોની યાદ તાજા કરી હતી.

(માહિતી સંકલન અને તસવીરઃ આસીફ શેખ, ધરમપુર)